

સરળ ભાષા મા કહું તો ***'YOU CAN CHANGE WHATEVER YOU WANT TO'*** કોઈ પણ વ્યક્તિ ની કારકિર્દી બનાવવા માટે કોલેજ એક મહત્વનું પગથિયું છે, હું દિશા ક્રિપલાણી, ૨૦૧૫-૨૦૧૬ માં સ્નાતક થયેલ છુ. મારી કારકિર્દી બનાવવામાં મારી ગુજરાત કોલેજ નો અમુલ્ય ફાળો રહ્યો છે. યુવાનીમાં પગ મુકતાની સાથે જ કોલેજની એક ચકાચૌન્ધ life ના સપના જોયા હતા, પણ ગુજરાત કોલેજના એ એકેડેમિક વાતાવરણે કારકિર્દી ઘડવા માટે મને મોકો આપ્યો, મને art માં વધુ રસ હતો, જેથી હું કોલેજ ની સાથે સાથે મારી કલા ને પણ આગળ વધારતી ગઈ, આજે મે મહેંદી, કુકીંગ થી લઈ ને બેકિંગ સુધીના મારા શોખ ને મારી કેરિયર બનાવી દીધી છે. આ ઉપરાંત મોટીવેશન સાથે રેઈકી (REIKI) મા 3A માસ્ટર કરેલ છું. મને જણાવતા ગર્વ થાય છે કે હુ ઘણી ફીલ્ડ મા સારા પાયે કામ કરી રહી છુ અને લોકો ને મદદ પણ કરી રહી છુ જેમ વિના મૂલ્યે ગરીબ વર્ગની દીકરીઓ ને મહેદી લગાવી આપવી અને ઘણુ બધુ.

***'AGE IS JUST A NUMBER'.*** મને ખુબ જ આનંદ થાય છે જણાવતા કે, મે નાની ઉમર થી જ મહેદી આર્ટ કરીને ઘરની નાણાકીય જરૂરીયાતો પુરી કરી અને પોતાને આત્મનિર્ભર બનાવી. મારી કુદરતી અને મન ની શક્તિ એટલી મજબૂત હતી કે મહેદી આર્ટ શીખ્યા વગર જ હું ૨૦૦૯ થી આ ક્ષેત્રમાં કામ કરી રહી છુ. મને ગુજરાત કોલેજ એ ૨૦૨૩ મા આર્ટ કોમ્પીટીશન મા જજ બનવાનો એક સુંદર અવસર આપ્યો હતો. જેનાથી હું ખુબજ ઇનસપાયર અને પ્રભાવિત થઈ છું. તેની સાથે સાથે હુ ૨૦૧૭ થી કેક બેકીગ કરીને અને તેનું વહેંચાણકરી ને પોતાને નાણાકીય રીતે સક્ષમ કરી રહી છુ, એની સાથે સાથે હુ વિદ્યાર્થીઓ ને સહાય કરવા માટે એમના

સ્કુલના આર્ટસ  પ્રોજેક્ટસ મા તેમની મદદ કરી ને તેમના આર્ટ ટેલેન્ટ ને આગળ વધારી રહી છુ. મે ઘણી બધી કોમ્પીટીશન મા ભાગ લઈને પુરસ્કારો મેળવ્યા છે. મહીલા ઈચ્છે તો એ લાઈફ મા કઇ પણ હાંસિલ કરી શકે છે ***'WITH HER CONFIDENCE & STRONG WILL POWER'***

આજે હું સમગ્ર ગુજરાતમાં મારી કળા ને કારણે એક પ્રતિષ્ઠા મેળવી શકી છું, મારી આ journey માં મારા પરિવાર ની સાથે ગુજરાત કોલેજ ના એક બહુ મોટા પરિવાર નો પણ સાથ સહકાર મળ્યો છે, તે બદલ હું ગુજરાત કોલેજ ના સૌ નો આભાર માનું છું.

